14th April 2026

- ગુજરાત ગેસ લિમિટેડ (GGL) મોરબીમાં પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) પૂરો પાડવા માટેની અધિકૃતતા ધરાવે છે. ગુજરાત ગેસ દ્વારા મોરબી સિરામિક વિસ્તારની ગેસની જરૂરિયાતને સંપૂર્ણતઃ પૂરી કરી શકે એ માટે વ્યાપક ગેસ નેટવર્ક ઉભું કર્યું છે.

- ફેબ્રુઆરી 2026 (યુદ્ધ અગાઉનો સમયગાળો)માં, 377 ગ્રાહકો ગુજરાત ગેસના PNGનો ઉપયોગ કરતા હતા. જ્યારે આશરે 415 ગ્રાહકો પ્રોપેન ગેસ પર નિર્ભર હતા, અને તેનો વપરાશ અંદાજે 5.6 MMSCMD (નેચરલ ગેસની સરખામણીએ) હતો. મોરબી ખાતે પ્રોપેન ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs)જેવી કે IOCL, BPCL અને HPCL દ્વારા પુરું પાડવામાં આવતો હતો. આમ, કુલ ઇંધણની માંગનો લગભગ 70% ભાગ પ્રોપેન દ્વારા પૂરો થતો હતો.

- માર્ચ 2026ની શરૂઆતમાં ગુજરાત ગેસનો ગેસ પુરવઠો ફેબ્રુઆરી 2026 ની સરખામણીએ વધ્યો હતો. પરંતુ યુએસ–ઈરાન ભૂરાજકીય સંઘર્ષને કારણે LNG સપ્લાય ચેઇનમાં અવરોધ ઉભા થતા, ભારત સરકારની 9 માર્ચની ગેઝેટ સૂચના મુજબ, છેલ્લા છ મહિનાના સરેરાશ વપરાશના 80% સુધી પુરવઠો મર્યાદિત કરવામાં આવ્યો.

- આ ભૂરાજકીય પરિસ્થિતિને કારણે કાચા માલના ખર્ચમાં વધારો, પ્રોપેનના ઔદ્યોગિક ઉપયોગ પર નિયંત્રણ અને સિરામિક ઉત્પાદકો માટે વધેલા પરિવહન ખર્ચ જેવા પરિબળો સર્જાયા. પરિણામે, માર્ચ 2026ના બીજા પખવાડિયાથી ઘણા ઉદ્યોગોએ સ્વૈચ્છિક રીતે ઉત્પાદન બંધ કર્યું.

- વૈશ્વિક LNG ભાવોમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં, આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે, ગુજરાત ગેસ દ્વારા સિરામિક એકમો સાથે વાતચીત કરીને પ્રોપેનના વિકલ્પ તરીકે વધારાનો નેચરલ ગેસનો પુરવઠો સુલભ બનાવવાનો પ્રયાસ કર્યો.

- એપ્રિલ 2026 દરમિયાન, ગુજરાત ગેસે સરકારશ્રીના માર્ગદર્શનો મુજબ ગેસનો પુરવઠો ચાલુ રાખ્યો છે અને મધ્ય પૂર્વ સિવાયના પ્રદેશોમાંથી સ્પોટ માર્કેટના ભાવે વધારાનો ગેસ સોર્સ કરીને પુરવઠાની સાતત્યતા જાળવી રાખી છે.

- ગુજરાત ગેસ અને મોરબી સિરામિક એસોસિએશનના સંયુક્ત પ્રયત્નોથી પરિસ્થિતિમાં ધીરે ધીરે સુધારો જોવા મળી રહ્યો છે અને હાલમાં 142 સિરામિક એકમો કાર્યરત છે.

- મે 2026 માટે LNGના ભાવ હજુ પણ ઊંચા સ્તરે છે (આશરે $18–20 પ્રતિ MMBtu) તેમ છતાં, ગુજરાત ગેસ મોરબીમાં વધુ ઉદ્યોગો ફરી શરૂ થાય અને એકમોને તેમની જરૂરિયાત મુજબ ગેસ પુરવઠો પૂરો પાડવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

- ગુજરાત ગેસની સ્થાનિક તેમજ કોર્પોરેટ ઓફિસ આ પરિસ્થિતિ બાબતે શરૂઆતથી જ મોરબી સિરામિક એસોસિએશન સાથે સતત સંપર્કમાં છે. ગેસ પુરવઠાની સ્થિરતા, કિંમતો સંબંધિત મુદ્દાઓનું નિરાકરણ, તબક્કાવાર ઉત્પાદન પુનઃશરૂ કરવું અને ગેસનો વપરાશ પૂર્વવત થાય—આ બધાં મુદ્દાઓ પર સતત ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

- ગુજરાત ગેસ મોરબી સિરામિક ઉદ્યોગને આ પડકારજનક પરિસ્થિતિમાં સંપૂર્ણ સહકાર આપવાની તેની પ્રતિબદ્ધતા પુનઃ વ્યક્ત કરે છે. સંયુક્ત પ્રયત્નો અને પરસ્પર સહકાર દ્વારા અમે આ પડકારોને પાર કરી ભવિષ્યના વિકાસ તરફ આગળ વધવા માટેનો વિશ્વાસ વ્યકત કરીએ છીએ.